(મૂળ અંગ્રેજીનું ગુજરાતી ભાષાંતર– કોઈપણ તફાવતમાં મૂળ અંગ્રેજી જાહેરનામું આખરી રહેશે. ચોકકસ સમજણ–અર્થઘટન માટે મૂળ અંગ્રેજી જાહેરનામાને ધ્યાને લેવા સલાહ આપવામાં આવે છે.)

**ફી જાહેરનામું**
**ગુજરાત સરકાર**
**માર્ગ અને મકાન વિભાગ**
**નવા સચિવાલય, ગાંધીનગર**
**નં. જીએમપી/ટોલ–નોટીફીકેશન/ બી.એન રોડ/૨૦૧૮**
**તા. ૦૨ /૦૪/૨૦૧૮**

**આદેશ :**

૧. ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર (અહીં હવે પછી જેનો ઉલ્લેખ "જીએસઆરડીસી" તરીકે કરવામાં આવે છે) એ, તારીખ:૨૩/૧૧/૨૦૦૫ ના રોજ, ભૂજ– નખત્રાણા રસ્તો (પરિયોજના રસ્તો) કી.મી. ૫/૨૦૦ થી ૫૦/૦૦ ને વિકસીત કરવા, સુધારણા કરવા અને પહોળો કરવા માટે એમ. એસ. ખુરાના ઈન્ફ્રાસ્ટ્રકચર એન્ડ ટોલ રોડ પ્રાઈવેટ લિ. (અહીં હવે પછી જેનો ઉલ્લેખ "કન્સેશનર" તરીકે કરવામાં આવ્યો છે) સાથે, નિર્માણ, સંચાલન અને તબદીલીના ધોરણે કરાર કર્યો છે. આ કન્સેશનર આ કન્સેશન કરારની જોગવાઈઓને સુસંગત રહીને સમગ્ર કન્સેશન સમયગાળા સુધી આ પરિયોજના ધોરીમાર્ગની મોજણી, આલેખન, ઈજનેરી, સંપાદન, નાણાં, બાંધકામ, વ્યવસ્થાપન, સંચાલન અને જાળવણી કરવા સંમત થયા છે.

૨. આ કન્સેશન કરારની કલમ–૩ હેઠળ, આ કન્સેશન કરારની કલમ–૩.૧ માં નિયત કરેલા કન્સેશન સમયગાળા માટે કન્સેશનરને આ પરિયોજના નિહિત કરે છે.

૩. કન્સેશન–કરાર અંતર્ગત કન્સેશનરના હકનો સ્વીકાર કર્યા બાદ હવે ગુજરાત સરકાર મંજૂર કરી, જાહેર કરી, આદેશ કરે છે કે કન્સેશનર અથવા તેમના ધ્વારા અધિકૃત કરાયેલ એજન્ટ/ કર્મચારીઓ અહીં નીચે આપેલ ચાર્જની યાદીના ખાના નંબર– ૨ માં જણાવેલ વાહનોની અને આવા વાહનોથી ખેંચાતા ટ્રેલર પાસેથી ખાના ૩ માં દર્શાવ્યા પ્રમાણેનો ચાર્જ નકકી કરી વસૂલ કરશે, એકત્રિત કરશે પોતાની પાસે રાખી તેનો વિનિયોગ કરશે.

## વપરાશ ફીની યાદી

<table>
<tr><th rowspan="2">ક્રમ No.</th><th rowspan="2">વાહનનો પ્રકાર</th><th colspan="3">દર (તા.૦૫ /૦૪/૨૦૧૮ની લાગુ થનાર દર)<br>(રૂા. પ્રતિ ફેરો)</th><td rowspan="9">ગુજરાત સરકાર, માર્ગ અને મકાન વિભાગના પત્ર ક્રમાંકઃ મુ.મ.સ./૧૦/૨/ ૦૧૬/ ટો. મુ./ કેબીનેટ/૧૯/ ખા.ક. તા. ૧૨/૦૮/૧૬ થી જણાવ્યા મુજબ ટોલ પ્લા ઝા પર કાર/ જીપ/ વાન/ દ્વિચક્રીય/ ત્રિચક્રીય અને ગુજરાત રાજય માર્ગ પરિવહન નિગમની એસ. ટી. બસને ટોલ ભરવામાંથી મુકિત આપવાની રહેશે.</td></tr>
<tr><th>ભૂજ– દેશલપર અનુભાગ</th><th>દેશલપર –નખત્રાણા અનુભાગ</th><th>ભૂજ– નખત્રાણા અનુભાગ</th></tr>
<tr><th>1</th><th>2</th><th colspan="3">3</th></tr>
<tr><td>1</td><td>કાર</td><td>૧૦</td><td>૧૦</td><td>૨૦</td></tr>
<tr><td>2</td><td>હળવા વાણિજિયક વાહનો</td><td>૧૮</td><td>૨૦</td><td>૩૮</td></tr>
<tr><td>3</td><td>બસ ટ્રક સ્ટાન્ડર્ડ એકસલ</td><td>૩૦</td><td>૫૦</td><td>૮૦</td></tr>
<tr><td>4</td><td>૨– એકસલ ટ્રક (ટેન્ડમ એકસલ)</td><td>૫૦</td><td>૭૦</td><td>૧૨૦</td></tr>
<tr><td>5</td><td>એમ. એ. વી.</td><td>૭૦</td><td>૯૦</td><td>૧૬૦</td></tr>
</table>

આ ફી, પરિયોજના ધોરીમાર્ગના માર્ગ (કન્સેશન કરારમાં વ્યાખ્યાયિત કર્યા મુજબ) નો ઉપયોગ કરતાં અને ટોલ પ્લાઝામાં પ્રવેશતાં અને પરિયોજના ધોરીમાર્ગ ઉપર પસાર થતાં વાહનો ઉપર, તા. ૦૫/૦૪/૨૦૧૮ ના રોજ સવારે ૦૬.૦૦ કલાકની અસરથી લેવામાં આવશે.

૪. નીચેના પ્રકારનાં વાહનો ટોલમાંથી બાકાત રહેશે અને "કન્સેશનરે" તેમને ટોલ ચાર્જ વિના સવલતોનો ઉપયોગ કરવા દેવાનો રહેશે.

વીઆઈપી -VIP-નું ચિહન ધરાવતા વાહનો જે સત્તાવાર અધિકૃત રીતે ભારતના નામદાર રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડા પ્રધાન, રાજયોના રાજયપાલો, સંઘ પ્રદેશોના રાજયપાલો, મુખ્ય મંત્રીઓ, કેન્દ્ર અને રાજયના મંત્રીઓ, કેન્દ્ર અને રાજય વિભાનસભાના ક્ષેત્રાધિકાર ધરાવતા અધ્યક્ષપદ સંભાળતા પદાધિકારીઓ અને લોકસભા, ભારતની સર્વોચ્ચ અને ઉચ્ચ અદાલતના ક્ષેત્રાધિકાર ધરાવતા જજ, ભારતની મુલાકાતે પધારતા વિદેશી મહાનુભાવો, મોટરકારોમાં સીડી-CD- પ્રતીક ધરાવતા ભારત ખાતે નિયુકત થયેલાં વિદેશી મિશનોના વડાઓ, સાંસદો, ધારાસભ્યો, કેન્દ્ર અને રાજય સરકારના વાહનો, જીએસઆરડીસીના અધિકારીઓ, સ્થળના સંબંધમાં તેમની વૈધાનિક ફરજો બજાવતા પરિયોજના ધોરીમાર્ગનો ઉપયોગ કરવો જરૂરી હોય તેવી વ્યકિતઓ, સ્વતંત્ર પરામર્શક, ગણવેશધારી સશસ્ત્ર દળો, અર્ધ લશ્કરી દળો અને સુરક્ષા દળનાં વાહનો સહિત કેન્દ્ર અને રાજયના દળો, પોલીસ વાહનો, પરમવીર ચક્ર, અશોક ચક્ર, મહાવીર ચક્ર, કીર્તિ ચક્ર,વીર ચક્ર અને શૌર્ય ચક્ર જેવા વીરતા પુરસ્કારોના વિજેતાઓને સક્ષમ સત્તાતંત્રે તેમના પુરસ્કારને અધિકુત કરતું ઓળખપત્ર દર્શાવતાં, જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યો, અગ્નિશામક દળનાં વાહનો, એમ્બ્યુલન્સ અને કટોકટી સમયમાં બચાવકામગીરીમાં વપરાતાં વાહનો.

૫. નિર્દિષ્ટ ફી યોગ્ય રીતે ચૂકવ્યા વિના પરિયોજના માર્ગનો ઉપયોગ કરવા માટે ઉપયોગ કર્તાને નિયંત્રિત કરવાનો અથવા પ્રબંધિત કરવાનો કન્સેશનરને અધિકાર છે.

૬. જયારે કોઈક વાહન પરિયોજના ધોરીમાર્ગ એક કરતાં વધુ વખત વાપરવાનું હોય ત્યારે વપરાશકર્તા પોતાની પસંદગીથી એક વખતની ચૂકવવાપાત્ર ફીના ૧.૫ ગણા જેટલી રકમની ચુકવણીથી તેમ કરવા માટે હકકદાર રહેશે.
વપરાશકર્તા, એક વખતની ચૂકવવાપાત્ર ફીના ૩૦ ગણા જેટલી રકમની ચુકવણીથી માસિક પાસ મેળવવા હકકદાર રહેશે અને તે માસિક પાસના સમયગાળા દરમ્યાન પરિયોજના રસ્તાનો અવિરત ઉપયોગ કરવા હકકદાર રહેશે.

૭. કરારમાં વર્ણવેલ સ્થાનિક વાણિજિયક વાહનો અને સ્થાનિક ખાનગી વાહનો એ લાગુ પડતી ફી ના ૫૦% જેટલી ફી ચુકવવની થશે.

૮. કન્સેશનર ધ્વારા નિયુકત કરવામાં આવેલ કર્મચારીઓ કે તેના પ્રતિનિધી ફી વસુલ કરવા અને તેની રસીદ આપવા અધિકૃત લેખાશે.

૯. સ્થાનિક વાણિજિયક ટ્રાફીક એટલે માલના અને પેસેન્જર (મુસાફરો) ના વહન સાથે સંકળાયેલ હોય તેવા કોઈ પણ વાણિજિયક વાહન કે જેમાં બસ, ટ્રક, હળવુ મોટર વાહન અને ટેક્ષીનો પણ સમાવેશ થશે અને જેઓ માટે પરિયોજના ધોરીમાર્ગનો અવાર નવાર ઉપયોગ કરવો જરૂરી હશે અને આવા વાહનોના માલિકો ટોલ પ્લાઝાની ૨. કી.મી. ની હદમાં રહેતા હશે અને કન્સેશનર પાસે નોંધણી ધરાવતાં હશે અને જી.એસ.આર.ડી.સી ધ્વારા નિયુકત અધિકારી ધ્વારા પ્રમાણિત થયેલા હોઈ શકે.

૧૦. સ્થાનિક ખાનગી ટ્રાફીક એટલે અને તેમાં સમાવેશ થનાર વાહનો એ એવા ખાનગી વાહનો છે કે જે કન્સેશનર પાસે નોંધણી ધરાવતાં હશે અને જે વ્યકિતઓ સામાન્ય રીતે એ સ્થળે રહેતા હશે કે કામ કરતાં હશે કે જે સ્થળ સામાન્ય રીતે આ પરિયોજના ધોરીમાર્ગનો ઉપયોગ કરીને જ પહોંચી શકાય અને આવા વાહનનો ઉપયોગ દરરોજની મુસાફરી માટે જરૂરી થઈ રહે અને જેજી.એસ.આર.ડી.સી ધ્વારા નિયુકત અધિકારી ધ્વારા પ્રમાણિત થયેલા હોઈ શકે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(એ.એન.મિસ્ત્રી)**
**ખાસ ફરજ પરના અધિકારી,**
**માર્ગ અને મકાન વિભાગ,**
**ગુજરાત સરકાર.**

**નકલ રવાના:**

1. **કલેકટરશ્રી, કચ્છ જીલ્લો.**
2. **જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, કચ્છ જીલ્લો,**
3. **ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિ.**
4. **મે. એમ. એસ. ખુરાના ઈન્ફ્રાસ્ટ્રકચર એન્ડ ટોલ રોડ પ્રા. લિ.** This is issued without prejudice to the rights and entitlements of GSRDC as per the Concession Agreement signed between the Parties.
5. **કાર્યપાલક ઈજનેરશ્રી, મા. મ. વિભાગ ભૂજ (કચ્છ)**